દાખલ તારીખ :– ૦૬/૦૧/૨૦૨૬.

રજી. લીધા તારીખ:– ૦૬/૦૧/૨૦૨૬.

નિકાલ તારીખ :– ૦૬/૦૬/૨૦૨૬.

સમય :– <u>વ. ૦ મા. ૦૫ દિ. ૦૦</u>

**આંક :–**

---

**ભાભરના મહે.જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતમાં,**
**મુ. : ભાભર.**

---

**<u>ફોજદારી કેસ નં. ૧૫/૨૦૨૬.</u>**

શ્રી સરકાર :::::::::::::: **ફરીયાદી**

**<u>વિ રૂ ઘ્ધ</u>**

પ્રહલાદજી નરસંગજી ઠાકોર,
ઉ.વ. ૩૫,
રહે. મેરા, તા.ભાભર,
જીલ્લો–બનાસકાંઠા. :::::::::::::: **આરોપી**

---

ગુન્હો :–**બી.એન.એસ.કલમ–૨૮૧ મુજબ....**

---

ફરીયાદપક્ષ તરફે **વિઘ્વાન એ.પી.પી.શ્રી એ.જે.ઠાકોર,**
બચાવપક્ષ તરફે **વિઘ્વાન વકીલ શ્રી બી.વી.વાઘેલા,**

---

<u>(ભાભર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૭૨૫૦૭૨૮/૨૦૨૫)</u>

**<u>(નમુનો – બ)</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૩/૧૦/૨૦૨૫ |
| ફરીયાદની તારીખ | ૦૩/૧૦/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૦૬/૦૧/૨૦૨૬. |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૦૧/૦૫/૨૦૨૬. |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૦/૦૫/૨૦૨૬. |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | – |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| સજાનો હુકમ સંભાળ્યાની તારીખ, જો હોય તો | – |

**–:: ઠ રા વ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદાર પોતાની પાસેનું હીરો હોન્ડા કંપનીનો સ્પેન્ઠર પ્રો.મો.સા. કાળા કલરનું છે. જેનો આગળ પાછળ રજી. નંબર જોતાં જીજી–૦૧ એસ.પી.–૨૨૧૦ નું પોતાની તથા અન્ય લોકોની જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતો મળી આવી પકડાઈ જઈ બી.એન.એસ. કલમ–૨૮૧ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ (બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦)અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે અને વિચારણા માટે યોગ્ય સમય આપ્યા ત્યારબાદ આરોપીનુ ઉપરોકત ગુના સંબંધેનું નિવેદન/પ્લી આંક–૩ થી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ આક્ષેપવાળા ગુના કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલ છે.જેથી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**એ : મૌખિક પુરાવા (જુબાની) :–**

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ ઘનશ્યામભાઈ મનસુખલાલ | ૦૪ |
| ૨. | પંચ સાહેદ લાલાભાઈ ઈમામભાઈ | ૦૬ |
| ૩. | ફરીયાદી કમલેશભાઈ ધુળાભાઈ | ૦૭ |

**બી : દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૦૫ |
| ૨. | ફરીયાદ | ૦૮ |

આ સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈપણ જાતનો પુરાવો રજુ કરેલ નથી અને આ કામે ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩(બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧) અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.જેમાં તેઓએ આક્ષેપિત ગુનાઓ કરેલા છે તે હકીકતનો ઈન્કાર કરેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે આવો કોઈ ગુનો કરેલ નથી ખોટી રીતે સંડોવેલ છે આથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે પરંતુ પોતાના કથનના સમર્થનમાં કોઈપણ જાતનો પુરાવો રજુ કરેલ નથી.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષ પોતાનો નિ:શંકપણે પુરાવો રજુ કરેલ હોઈ આરોપીને કાયદામાં ફરમાવેલ સખતમાં સખત સજા કરવા જણાવેલ છે.

(૫) બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી. તેઓએ જણાવેલ છે કે હાલના કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો જોતાં આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેમ જણાઈ આવતું ન હોઈ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) સદરહુ કેસના ન્યાયીક નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદાઓ :–**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરે છે કે, આ કામના તહોમતદાર પોતાની પાસેનું હીરો હોન્ડા કંપનીનો સ્પેન્ડર પ્રો.મો.સા. કાળા કલરનું છે. જેનો આગળ પાછળ રજી. નંબર જોતાં જીજી–૦૧ એસ.પી.–૨૨૧૦ નું પોતાની તથા અન્ય લોકોની જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતો મળી આવી પકડાઈ જઈ બી.એન.એસ. કલમ–૨૮૧મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**નિર્ણય :–**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**–:: નિર્ણય માટેના કારણો ::–**

**મુદા નં. ૧ ની ચર્ચા :–**

(૮) આપણી ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતિ મુજબ પ્રોસીકયુશન પક્ષે આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હાઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની થાય છે.આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. આ કામના આરોપી સામે ઉપરોકત મુજબના શિક્ષાને પાત્ર એવા ગુન્હાનો આક્ષેપ છે.જે માટે ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદોનો પુરાવો રજુ કરેલ છે.

(૯) ફરીયાદપક્ષે આ કામે પંચ સાહેદ ઘનશ્યામભાઈ મનસુખલાલને આંક-૦૪ થી તથા પંચસાહેદ લાલાભાઈ ઈમામભાઈને આંક-૬સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં આ સહી તેઓએ કયારે કરેલી અને શા બાબતે કરેલી તે યાદ નથી. પોલીસે તેઓની રૂબરૂ કોઈ ઈસમની અટક કરેલ હોય કે કોઈ ચીજ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નહી.આ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોઈ,ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરાવી ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે આ કામના ફરીયાદી કમલેશભાઈ ધુળાભાઈનાને આંક- ૦૭ થી સોગંદ ઉપર તપાસેલા છે.આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા. ૦૩/૧૦/૨૦૨૫ ના રોજ તેઓ તથા પો.સ્ટાફના માણસો પ્રા.વાહનથી પો.સ્ટે. વિસ્તારમાં પ્રેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા ભાભર વાવ સર્કલ પાસે પહોંચતા સામેથી એક મો.સા. ચાલક પોતાનું મો.સા. પુર ઝડપે અને ગફલતભરી રીતે પોતાની તેમજ અન્યની જીંદગી જોખમાય તે રીતે હંકારી આવતો હોય જેથી સદર મો.સા. ચાલકને હાથનો ઈશારો કરી ઉભો રખાવી પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેને પોતાનું નામ પ્રહલાદજી નરસંગજી ઠાકોર રહે. મેરા તા. ભાભર વાળો હોવાનું જણાવેલ. તેમજ મો.સાનો આગળ પાછળ નં જોતા જીજે ૦૧ એસ.પી. ૨૨૧૦ હતો અને સદર મો.સા. ચલાવવા બાબતે પુછતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. તેમજ પંચો રૂબરૂ તેની અંગ ઝડતી કરતા કોઈ વાંધા જનક ચીજવસ્તુઓ મળી આવેલ નહી. આ અંગેનું વિગતવારનું પંચનામું તેઓએ કરી લીધેલ. મજકુર આરોપી વિરૂધ્ધ તેઓએ ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. જે ફરીયાદ આંક-૯ આપવામાં આવે છે. બાદમાં આ ફરીયાદ ભાભર પો.સ્ટે. ગુ.ર.નં. ૭૨૮/૨૫ થી બી.એન.એસ.એસ ની કલમ ૨૮૧ મુજબનો ગુનો રજી. થઈ તપાસ અ.હે.કો રમેશભાઈ અજમલભાઈને મળતા આ તપાસના કામે આરોપીને અટક કરેલ. તપાસના અંતે આરોપી આરોપી સામે પુરતા પુરાવા પડતા હોઈ

ના. કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીને તેઓ ઓળખે છે. જે નામદાર કોર્ટમાં હાજર નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યાએ જાહેર જગ્યા છે અને ત્યાં માણસોની અવર જવર રહે છે. એ વાત કબુલ રાખેલ છે કે ફરીયાદીએ તેઓની ફરીયાદમાં પંચોના નામ સરનામાં જણાવેલા નથી. એ વાત કબુલ રાખેલ નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ફરીયાદીએ કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે. આ કામે પંચો સ્થાનીકના રહેવાસી નથી. આ કામે પંચનામું તેઓએ ફરીયાદ દાખલ થયા બાદ પો.સ્ટે.માં બેસીને ખોટું ઉભું કરેલું અને પંચોને તૈયાર પંચનામાં માં સહીઓ લીધેલી. તેઓ કબુલ રાખેલ નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં અને આરોપી વિરૂધ્ધ પુરાવો ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૧૧) ફરીયાદપક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવાની હકીકત ધ્યાને લેતાં આ કામે સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદ નો પુરાવો મહત્વનો હોય છે. આ પંચ સાહેદનો પુરાવો ઉપર નોંધેલ છે તે જોવામાં આવે તો તેઓની હાજરીમાં પોલીસે કોઈ ઈસમની અટક કરેલ હોય કે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નહી. આમ,હાલના આરોપી જ પોતાના કબજાનુ વાહન પુર ઝડપે અને ગફલતભારી રીતે હંકારતા હોય અને તેમને અટક કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. જે સંજોગોમાં સદરહુ પંચ સાહેદોના પુરાવા પરથી સદરહુ પંચનામાની હકીકત પુરવાર થતી નથી.આ કામે તપાસ કરનાર અમલદારે પોતાની તપાસ ને અનુરૂપ પુરાવો આપેલ છે.તેઓએ ઉલટ તપાસમાં સ્પષ્ટ પણે કબુલેલ છે કે ગુનાવાળી જગ્યા જાહેર રસ્તો છે અને ત્યાં માણસોની અવર જવર રહે છે તેમજ કબુલ રાખેલ છે કે ફરીયાદીએ તેઓની ફરીયાદમાં પંચોના નામ, સરનામા જણાવેલ નથી. આ કામે બનાવ જાહેર રોડ પર બનવા છતાં તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ ન હોવાથી બનાવની હકીકતે શંકા ઉપસ્થિત થાય છે.આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેમ જણાઈ આવતું નથી.

(૧૨) ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી સાબીત કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબીત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે અને અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય તેવા સંજોગોમાં મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી,

મુદા નં.૨ અંગે છેવટનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે બી.એન.એસ. કલમ–૨૮૧ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) (બી.એન.એસ.એસ. ની કલમ –૪૮૧) અન્વયે આરોપીએ રૂા.૫,૦૦૦/– (અંકે રુપિયા પાંચ હજાર પુરા) લેખેના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૬મી, માહે જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૦૬/૦૬/૨૦૨૬.
ભાભર.

**(એ.કે.સોમાણી)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.)
ભાભર (કોડ નં. જીજે૦૧૬૯૦)